"ડૉ.આંબેડકર આવાસ યોજના" હેઠળ મકાન સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અબડ/૧૨૨૦૨૧/૫૬૨૬૬૨/હ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૧૨/૨૦૨૧

<u>વંચાણે લીધા:</u>

(૧) આ વિભાગનો તા.૧૩/૦૪/૧૯૯૯ નો ઠરાવ ક્ર:અબડ/૧૦૯૯/૭૬૯/હ
(૨) આ વિભાગનો તા.૨૨/૦૨/૨૦૦૦ નો ઠરાવ ક્ર:અબડ/૧૦૯૯/૭૬૯/હ
(૩) આ વિભાગનો તા.૧૭/૦૫/૨૦૦૪ નો ઠરાવ ક્ર:અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ
(૪) આ વિભાગનો તા.૦૮/૦૬/૨૦૦૫ નો ઠરાવ ક્ર:અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ
(૫) આ વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭ નો ઠરાવ ક્ર:અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ
(૬) આ વિભાગનો તા.૨૯/૦૬/૨૦૧૫ નો ઠરાવ ક્ર:અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ
(૭) આ વિભાગનો તા.૨૦/૦૪/૨૦૧૮ નો ઠરાવ ક્ર:અબડ/૧૨૨૦૧૭/૯૬૨/હ
(૮) આ વિભાગનો તા.૦૫/૦૬/૨૦૧૮ નો ઠરાવ ક્ર:અબડ/૧૨૨૦૧૮/૧૨૪૧/હ
(૯) આ વિભાગનો તા.૨૦/૦૮/૨૦૨૦ નો ઠરાવ ક્ર:અબડ/૧૨૨૦૨૦/૮૫/હ
(૧૦) સા.વ.વિ.નો તા.૦૭/૧૦/૨૦૨૧ નો ઠરાવ ક્ર:આરસીપીએસ/૧૦૨૦૨૧/વસુતાપ્ર-૪
(૧૧) આ વિભાગનો તા.૧૮/૧૧/૨૦૨૧ નો પત્ર ક્ર:પરચ/૧૦૨૦૨૧/૫૧૬૯૩૧/ચ

<u>પ્રસ્તાવના:-</u>

આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૧) પરના ઠરાવથી ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ સહાય આપવા માટેની "ડૉ.આંબેડકર આવાસ યોજના" અમલમાં છે. આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૨) થી ક્રમાંક:(૪) પરના ઠરાવોથી આ યોજનાનું સરળીકરણ કરવા સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૫) થી ક્રમાંક:(૯) પરના ઠરાવોથી આ યોજના અંતર્ગત અંશત: ફેરફાર કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૧૦) પરના સામાન્ય વહિવટ વિભાગના તા.૦૭/૧૦/૨૦૨૧ના ઠરાવથી ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ હેઠળ જાહેર કરેલ સેવાઓ માટે બિઝનેસ પ્રોસેસ રી-એન્જીનીયરીંગની કાર્યવાહી માટે ટાસ્ક સમિતીની રચના કરવામાં આવેલ છે. જે પરત્વે આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૧૧) પરના પત્રથી આ

વિભાગ અંતર્ગત રચવામાં આવેલ ટાસ્ક સમિતિ દ્વારા આમુખમાં આ યોજનાની કેટલીક શરતોમાં ફેરફાર/રદ કરવા સૂચન કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે, સદરહુ ઠરાવમાં જરૂરી સુધારા કરી આમુખમાં દર્શાવેલ આ યોજનાને લગતા વિવિધ ઠરાવોને સાંકળીને "ડૉ.આંબેડકર આવાસ યોજના"નો એક સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવે છે. અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થયેથી મૂળ ઠરાવમાંની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.

ઠરાવ:-

૧. આ યોજનાને "ડૉ.આંબેડકર આવાસ યોજના" તરીકે ઓળખવામાં આવશે.

૨. હેતુ:

આ યોજનાનો હેતુ અનુસૂચિત જાતિના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અને ખાસ કરીને ગરીબી રેખા નીચે જીવતા ઘર વિહોણા લોકોને સમયબધ્ધ કાર્યક્રમરૂપે તબક્કાવાર આવાસો પૂરા પાડવાનો છે.

૩. પાત્રતાની શરતો:

(૧) ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તૈયાર કરવામાં આવેલ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની (બીપીએલ) યાદી પૈકીના ઘર વિહોણા લાભાર્થીઓને પ્રથમ અગ્રતા આપવાની રહેશે. આ ઉપરાંત, વિધવા તથા દિવ્યાંગ, ગ્રામસભાએ નક્કી થયેલા શ્રમયોગી અને ઓછી આવક ધરાવતા લાભાર્થીને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિની ઘર વિહોણી વ્યક્તિ કે જેને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની યોજના હેઠળ મફત ઘરથાળનો પ્લોટ ફાળવવામાં આવ્યો હોય અને જેનો કબજો ધરાવતી હોય અને અન્ય કોઈ ગૃહ નિર્માણ યોજના હેઠળ મકાન સહાયનો લાભ ન મળ્યો હોય તેવા ઈસમને આ યોજનાનો લાભ મળી શકશે.

(3) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય, પરંતુ તદ્દન કાચું ગાર માટીનું, ઘાસ પુળાનું, કુબા ટાઈપનું મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તેવું મકાન ધરાવનાર લાભાર્થીને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૪) ગ્રામ પંચાયત/રેવન્યુ/સીટી સર્વેના અથવા અન્ય કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ આવા લાભાર્થીઓ કબજો ધરાવતા હોય તેવી જમીનનો મિલકત વેરો ભર્યાનો દાખલો રજૂ કરે તો તેઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૫) ગ્રામ પંચાયત/રેવન્યુ/સીટી સર્વે વગેરેમાં જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય, પરંતુ રજિસ્ટર દસ્તાવેજોથી નોંધાયેલ હોય, મિલકત તબદીલ થઈ હોય તેવી જમીનના કબજેદારોને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૬) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટે કે અન્ય યોજના હેઠળ ૨૫ ચો.વાર, ૪૦ ચો.વાર કે ૧૦૦ ચો.વાર સુધી ખુલ્લો પ્લોટ ધરાવનાર કે અન્ય રીતે ફાળવાયેલ રહેણાંકના પ્લોટ. સરકારે ફાળવેલ પ્લોટ અથવા પોતાની માલિકીની જમીનમાં મકાન બનાવે તેને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૭) વારસાઈથી મિલ્કત પ્રાપ્ત કરી હોય અને તે અંગે ગ્રામ પંચાયત/રેવન્યુ/સીટી સર્વે રેકર્ડમાં નોંધ ન થઈ હોય પરંતુ કુલમુખત્યાર તરીકે ધારણ કરનાર અથવા તેના વારસદારો આવી જમીન ઉપર મકાન બાંધવાની જો સંમતિ આપતા હોય તો આવા પ્રત્યક્ષ કબજો ધરાવનાર વારસદારોને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૮) રાવળીયા/રાવળ અને અન્ય ઈનામી જમીનોના કાયદા/નિયમો હેઠળ પ્રાપ્ત કરેલ જમીનો અંગે પણ જો કોઈ મહેસૂલી/સીટી સર્વે રેકર્ડમાં નોંધાયેલ ન હોય, પરંતુ તેઓ લાંબા સમયથી પ્રત્યક્ષ કબજો ધરાવતા હોય તો તેઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. પરંતુ, લાભાર્થી ખરેખર કબજો ધરાવે છે કે કેમ તેની ખાત્રી જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)/નાયબ નિયામકશ્રી(વર્ગ-૧)એ કરવાની રહેશે.

(૯) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડ, ગુજરાત હળપતિ અને જમીન વિહોણા ખેત મજૂરોનું હાઉસીંગ બોર્ડ, નગરપાલિકાઓ/ શહેરી વિકાસ સત્તા મંડળો, હુડકો ઉપરાંત સરકારી કે સરકાર માન્ય એજન્સીની પ્રવર્તમાન યોજના હેઠળ લાભાર્થી મકાન બનાવવા/ મકાન ખરીદવા માંગે તો સંબંધિત બોર્ડ કે એજન્સીને અરજી કરવાથી બોર્ડ કે એજન્સીની દરખાસ્તના આધારે મકાન સહાય મંજૂર કરવામાં આવશે અને મંજૂર કરેલ રકમ સીધી બોર્ડ/ એજન્સી હસ્તક મૂકવામાં આવશે, જ્યારે ખૂટતી રકમની જે તે લાભાર્થીએ પોતે વ્યવસ્થા કરવાની રહેશે. પરંતુ, આમ કરતાં પહેલા યોજનાની અન્ય શરતો ધ્યાને લેવાની રહેશે.

(૧૦) અનુસૂચિત જાતિના લાભાર્થી પોતાનું મકાન બનાવવા માટે જે વ્યક્તિના નામે હાલમાં ભોંયતળિયે મકાન હોય તેના પ્રથમ માળ ઉપર તેના પુખ્ત વયના પુત્રો અથવા ભાઈ જમીન/મકાન માલિકની સંમતિથી ઉપરના માળે મકાન બાંધે તો તેને પણ આ યોજના હેઠળ લાભ આપી શકાશે. પરંતુ, આ અંગે હાલના મકાનનું માળખું ઉપર બીજો માળ ખેંચવા માટે સક્ષમ છે તે મુજબનું અધિકૃત ઈજનેર(Civil Engineer)નું પ્રમાણપત્ર અરજદારે રજૂ કરવાનું રહેશે.

(૧૧) આ યોજનાની પાત્રતા માટે ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક મર્યાદા રૂ.૧,૨૦,૦૦૦/- તેમજ શહેરી વિસ્તારમાં વાર્ષિક આવક મર્યાદા રૂ.૧,૫૦,૦૦૦/- રહેશે. આવકનું

પ્રમાણપત્ર આપવા માટે નીચે મુજબના અધિકારીઓ/પદાધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

(૧) મામલતદાર

(૨) તાલુકા વિકાસ અધિકારી

(૩) કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીઓ

(૪) નગરપાલિકાના મુખ્ય અધિકારી

(૫) ધારાસભ્યશ્રી

(૬) મહાનગરપાલિકાના કોર્પોરેટર

(૭) સરપંચ

(૮) તલાટી કમ મંત્રી

(૧૨) અનુસૂચિત જાતિમાં અતિપછાત જાતિઓના ઈસમોને આવક મર્યાદાના બાધ વિના નિયત લક્ષ્યાંકના ઓછામાં ઓછા ૧૫ ટકા મકાન સહાયનો લાભ આપવાનો રહેશે. કોઈ પણ કારણસર અતિપછાત જાતિના લાભાર્થીની સંખ્યા ન મળતાં અતિપછાત જાતિઓ સિવાયના અનુસૂચિત જાતિના અન્ય લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવશે. તેમજ અસાધારણ સંજોગોમાં અતિપછાત જાતિઓના લાભાર્થીઓને ૧૫ ટકા કરતાં વધારે સંખ્યામાં પણ લાભ આપી શકાશે.

આ ઉપરાંત વિધવા, શ્રમયોગી, દિવ્યાંગ, ગ્રામસભાએ નક્કી કરેલા શ્રમયોગી તથા ગરીબી રેખા હેઠળ જીવતા અનુસૂચિત જાતિના લાભાર્થીઓને પણ આ આવક મર્યાદાના બાધ વિના મકાન સહાયના નિયત લક્ષ્યાંકોમાં અગ્રતાના ધોરણે આ યોજનાનો લાભ આપવાનો રહેશે.

(૧૩) કુદરતી આપત્તિ તેમજ માનવ સર્જિત આપત્તિને લીધે જેના મકાનોનો નાશ થયો છે તેવા અથવા સ્થળાંતર થયેલા હોય તેવા ઈસમોને મકાનો બનાવવા માટે આ યોજના હેઠળ સરકારશ્રીની મંજૂરી મેળવીને લાભ આપી શકાશે.

(૧૪) સરકાર દ્વારા માન્ય થયેલ સંસ્થા તેમજ માન્ય નાણાંકીય ધિરાણ કરતી સંસ્થા/બેંક દ્વારા નાણાંકીય ધિરાણ મળેલ હશે તેવા અરજદારોના યોગ્ય કિસ્સામાં ઉપરોક્ત શરતોનું પાલન થતું હશે તો આવી સહાય મળવાપાત્ર થશે.

(૧૫) અરજદાર લાભાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષની રહેશે.

(૧૬) ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ બનેલ મકાન પર લાભાર્થીએ "રાજ્ય સરકારની આંબેડકર આવાસ યોજના" એ મુજબની તકતી બનાવી લગાડવાની રહેશે.

૪. <u>સહાયનું ચૂકવણું:</u>

(૧) મકાન સહાયની રકમ રૂ.૧,૨૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ વીસ હજાર પૂરા) રહેશે. વધુમાં, શૌચાલય માટે જેમને રૂ.૧૨,૦૦૦/-(અંકે રૂપિયા બાર હજાર પૂરા)ની સહાય મળવાપાત્ર હોય તેમને અલગથી તે યોજનાના નિયમો પ્રમાણે મળવાપાત્ર થશે. પરંતુ, જો લાભાર્થીને શૌચાલય માટે સહાય ન મળવાપાત્ર હોય તો તેમણે ફરજીયાત રૂ.૧,૨૦,૦૦૦/-ની સહાયમાંથી શૌચાલય બનાવવાનું રહેશે.

(૨) મકાનની ટોચ કિંમત શહેરી વિસ્તારમાં રૂ.૧૦,૦૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૭,૦૦,૦૦૦/- ની રહેશે. શહેરી વિસ્તારમાં Affordable Housing Scheme હેઠળ આપવામાં આવતી સહાયમાં ઉપરની ટોચ મર્યાદા લાગુ પડશે નહીં. એટલે કે જે તે યોજના હેઠળ જે ટોચ મર્યાદા હશે તે લાગુ પડશે.

(૩) આ યોજના હેઠળ મકાન સહાયની રકમ રૂ.૧,૨૦,૦૦૦/- ચૂકવવામાં આવશે જેમાં:

(અ) પ્રથમ હપ્તો રૂ.૪૦,૦૦૦/- (વહીવટી મંજૂરીના હુકમ સાથે)

(બ) બીજો હપ્તો રૂ.૬૦,૦૦૦/- (લીંટલ લેવલે પહોંચ્યા બાદ)

(ક) ત્રીજો હપ્તો રૂ.૨૦,૦૦૦/- (શૌચાલય સહિત આવસનું બાંધકામ પૂર્ણ થયેથી)

(૪) ઉક્ત 3(બ) તથા 3(ક) બીજા તથા ત્રીજા હપ્તાની ચૂકવણી પહેલાં ગ્રામ્ય વિસ્તારમાં સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે તેમજ શહેરી વિસ્તારમાં રાજ્ય સરકાર, મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાના મદદનીશ ઈજનેર કે ઉપરના અધિકારીઓએ આવા પ્રમાણપત્ર આપવાના રહેશે. અનુભવે જણાયેલ છે કે આવા પ્રમાણપત્ર આપવામાં આવા કર્મચારીઓ/ અધિકારીઓ દ્વારા ઢીલ કરી અરજદારોને હેરાન કરતા હોય છે. આવી ઘટના નિવારવા મકાન પૂર્ણ થયેથી ૪૫ દિવસમાં મકાન પૂર્ણ થયાનું પ્રમાણપત્ર ઉપરોક્ત અધિકારીઓ ન આપે તો વિકલ્પે વિભાગના જિલ્લા અધિકારીએ એટલે કે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)/નાયબ નિયામકશ્રી(વર્ગ-૧) એ જાત મુલાકાત કરી મકાનની ચકાસણી કરી ગામના બે પંચોની હાજરીમાં રોજકામ કરી, મકાનનો ફોટો લાભાર્થી સાથે લઈને છેલ્લો હપ્તો ચૂકવી શકાશે અને તે માન્ય ગણાશે. આ કામગીરી મકાન પૂર્ણ થયાના ત્રણ માસ સુધીમાં અચૂક પૂર્ણ કરવાની રહેશે.

(૫) આ યોજનામાં લાભાર્થીઓનો શ્રમફાળો રૂ.૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) રહેશે.

(૬) અરજદારે બાંહેધરી આપવાની રહેશે કે તેણે વિભાગની આ યોજના હેઠળ અથવા અન્ય વિભાગ હસ્તકની ગૃહ નિર્માણ યોજના હેઠળ મકાન સહાય યોજનાનો લાભ લીધેલ નથી.

૫. <u>મકાન પૂર્ણ કરવાની સમય મર્યાદા:</u>

મકાન સહાયના પ્રથમ હપ્તાની ચૂકવણી કર્યેથી ૨ વર્ષમાં મકાન બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે. સમય મર્યાદામાં મકાન બાંધકામ પૂર્ણ ન કરનાર લાભાર્થી પાસેથી મકાન સહાયના ચૂકવાયેલા હપ્તા પરત વસૂલ કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)/નાયબ નિયામકશ્રી(વર્ગ-૧)ની રહેશે. અપવાદ રૂપે કાબુ બહારના સંજોગોમાં કે સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં ઢીલ થવાના પ્રસંગે આ સમયમર્યાદામાં ગુણ-દોષના આધારે ઉપરોક્ત અધિકારીઓ છૂટછાટ આપી શકશે.

૬. <u>યોજનાનું અમલીકરણ અને અહેવાલ:</u>

(૧) ડૉ.આંબેડકર આવાસ યોજના અન્વયે શહેરી વિસ્તાર માટે આ સહાય મંજૂર કરી ચૂકવવાની કાર્યવાહી સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વર્ગ-૧)એ કરવાની રહેશે. તથા ગ્રામ્ય વિસ્તાર માટે આ સહાય મંજૂર કરી ચૂકવવાની કાર્યવાહી સંબંધિત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) એ કરવાની રહેશે. ઠરાવમાં નિયત થયેલ શરતો પ્રમાણે લાભાર્થીઓ લાભ મેળવવાને પાત્ર છે કે કેમ તેની પૂરી ચકાસણી જે તે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)/નાયબ નિયામકશ્રી(વર્ગ-૧)ની રહેશે.

(૨) ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય માટેની અરજીઓ ઉપરોક્ત પારા (૧) માં જણાવ્યા મુજબના અધિકારીઓને જાહેરાત પ્રસિધ્ધ થયેથી નિયત સમયમર્યાદામાં કરવાની રહેશે. સહાય માટે મળેલ અરજીઓ પરત્વે, પાત્રતાના ધોરણે અરજીઓ મળે તેના ક્રમાનુસાર નિયત રજીસ્ટરમાં નોંધીને સહાય મંજૂર કરવાની કાર્યવાહી સંબંધિત અધિકારીશ્રીએ કરવાની રહેશે.

(૩) ગ્રામ્ય વિસ્તારોમાં આ યોજનાના અમલીકરણ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગરીબી રેખા હેઠળના કુટુંબો માટેની મોજણી યાદીને માન્ય દસ્તાવેજ ગણેલ હોવાથી તે યાદીના નોંધણી ક્રમને ચકાસી આવકનો દાખલો મેળવવામાંથી અરજદારોને મુક્તિ આપવામાં આવશે.

(૪) શહેરી વિસ્તારમાં ગરીબી રેખા હેઠળના શહેરી ગરીબો માટે નિયત કરેલ સક્ષમ અધિકારીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર તથા આવકનો દાખલો રજૂ કરવા રહેશે.

(૫) અનુસૂચિત જાતિઓ માટેની આ યોજના સંપૂર્ણ રીતે સિદ્ધ થાય તે નજર સમક્ષ રાખીને અરજદારે ધારણ કરેલ પ્લોટ અંગેની સ્થાનિક સ્થિતિ પણ લક્ષમાં લેવી અને મકાન બાંધકામ પૂર્ણ થયાના પ્રમાણપત્રના આધારે વ્યવહારુ નિર્ણય લેવાનું સક્ષમ અધિકારીએ જોવું.

(૬) સરદાર પટેલ આવાસ યોજનાની સુધારેલી જોગવાઈ મુજબ આર.સી.સી. સ્લેબને બદલે મેંગલોરી નળિયાનાં ઢળતા છાપરાવાળા મકાનોના કિસ્સામાં પણ આ યોજનામાં સહાય આપી શકાશે.

(૭) માનવ સર્જિત અને કુદરતી આપત્તિના કિસ્સામાં ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ એક જ સમૂહમાં ઓછામાં ઓછા ૧૦ કે તેથી વધુ લાભાર્થીઓના એક જ સ્થળે, એક સામટા આવાસો બનાવવા માટે બિનસરકારી સંસ્થાઓને એજન્સી તરીકે કામ સોંપવામાં આવશે. બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાની પાત્રતા નીચે મુજબ રહેશે.

(અ) બિનસરકારી સંસ્થાની નોંધણી સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ અથવા ચેરીટેબલ ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ જાહેર ટ્રસ્ટ કે સંસ્થા હોવી જોઈશે.

(બ) આ સ્વૈચ્છિક સંસ્થા ઓછામાં ઓછા 3 વર્ષ પહેલાં નોંધાયેલ હોવી જોઈએ અને જે તે સંસ્થાએ છેલ્લા 3 વર્ષના ઓડીટેડ હિસાબો રજૂ કરવાના રહેશે.

(ક) આવી સંસ્થા સામાજિક, આર્થિક ઉત્કર્ષ માટે કામ કરતી સેવાભાવી પ્રતિષ્ઠિત સંસ્થા હોવી જોઈએ.

(૮) આ બિનસરકારી સંસ્થાની પસંદગી રાજ્ય કક્ષાની સમિતિ નક્કી કરશે.
રાજ્ય કક્ષાની સમિતિ નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષશ્રી |
| ૨. | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| 3. | નાયબ/સંયુક્ત/અધિક સચિવશ્રી (ડૉ.આંબેડકર આવાસ યોજના) | સભ્ય સચિવ |
| ૪. | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય |
| ૫. | બે બિનસરકારી સભ્યો (ધારાસભ્યશ્રી / અનુસૂચિત જાતિઓના કાર્યક્ષેત્રમાં સંકળાયેલ સામાજિક કાર્યકર)<br>(માન. મંત્રીશ્રી નિમણૂક કરશે) | સભ્ય |

(૯) બિનસરકારી સંસ્થાઓની પસંદગી કરવા માટેની દરખાસ્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે સરકારશ્રીમાં મોકલવાની રહેશે અને રાજ્ય કક્ષાની સમિતિ તે દરખાસ્ત ઉપર વિચારણા કરીને બિનસરકારી સંસ્થાની પસંદગી કરશે.

(૧૦) આ યોજના હેઠળ બંધાતા મકાનો પૈકી પ્રતિવર્ષે ઓછામાં ઓછા ૫ ટકા મકાનોનું આકસ્મિક સ્થળ નિરીક્ષણ કરી તેની યોગ્યતા અંગેનો અહેવાલ સરકારશ્રીને મોકલવાનો પ્રબંધ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે કરવાનો રહેશે.

(૧૧) સફાઈ કામદાર વિકાસ નિગમ લિ., ગાંધીનગર દ્વારા સફાઈ કામદારો માટેની આવાસ યોજના અમલમાં છે તેવાને પણ આ ઠરાવની જોગવાઈઓ લાગુ પડશે.

સદર ઠરાવની જોગવાઇઓ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી લાગુ થશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં જે તે સદર હેઠળ પાડવાનો રહેશે અને તે હેઠળ દર વર્ષે આ હેતુસર કરવામાં આવતી જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચિરાગ પટેલ)
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ સવિનય રવાના:**

(૧) માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)

(૨) માન મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(3) માન. સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

(૪) માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૫) માન. રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૬) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

(૭) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સર્વે વિભાગો), સચિવાલય, ગાંધીનગર.

(૯) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૨) નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-જિલ્લા કક્ષાએ પરિપત્રિત કરવાની વિનંતી સહ.

(૧૪) સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

(૧૫) સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૬) સેક્શન અધિકારીશ્રી (કો.સેલ), વિભાગની વેબસાઈટ પર મૂકવા વિનંતી સહ.

(૧૭) સિલેક્ટ ફાઇલ-૨૦૨૧